ગાંધીનગર સમાચાર

તા. ૮-૪-૨૦૧૫, બુધવાર

## તંત્રી સ્થાનેથી....

### રાજકીય ક્ષિતિજે નવી સંગઠિત પાર્ટીનો ઉદય

એક તરફ કેન્દ્રમાં મોદી સરકાર એના પ્રથમ વર્ષનીપૂર્ણાહુતિ તરફ આગળ વધી રહી છે ને બીજી તરફ કોંગ્રેસ સહિત બાકીનાં તમામ રાજકીય પરિબળઓ મોદીનો માર ખાઈ ખાઈને ખોખરાં થઈ ગયેલાં હાડકાંમાં નવી પ્રાણશક્તિ સીંચવાની કોશિશ કરી રહ્યાં છે. મોદીને દિલ્હી વિધાનસભાની ચૂંટણીમાં મળેલી શિકસ્ત પછી ખેડૂત વિરોધી જમીન સંપાદન બિલ મુદ્દે ઘણો સંઘર્ષ કરવો પડ્યો છે. હવે પછીનું એમનું નિશાન બિહાર છે. પાર્ટીમાં જ ગિરિરાજસિંહ જેવા ચબરાક નેતાઓ છે, જે છાશવારે કંઈક એવું ભરડી મારે છે કે એનો જવાબ આપવાનું મોદીને ભારે પડી જાય છે. તમારુ લોબીથી માંડી વિવિધ પ્રકારના સ્થાપિત હિતોના સ્વાર્થો આડે આવે છે. ત્યારે બિહારમાં વિધાનસભાની ચૂંટણી જીતવી એ મોદીની લોકપ્રિયતાનો લિટમસ ટેસ્ટ બની રહેવાનો છે. નીતીશકુમાર વિચક્ષણ રાજપુરુષ છે. એમણે શરૂથી જ મોદી સામે શિંગડા ભરાવ્યાં હતાં, એ જાણીતી હકીકત છે. લોકસભામાં મોદીનો ડંકો વાગ્યો એથી પ્રાદેશિક સ્તરે એકમેકની વિરુદ્ધ રહેતા આવેલા નીતીશ અને લાલુ એમના વીંખાયેલા વજૂદને પાછું મેળવવા સાથે આવી રહ્યા છે. આ મુદ્દે એમને જનતાદળના જૂના ઘટકોને ભેળવી દઈ નવી પાર્ટી રચવાની તક સાંપડી છે. મુલાયમસિંહ યાદવની સમાજવાદી પાર્ટી આજની ક્ષણે લોકસભા તેમજ રાજયસભામાં જનતાદળના અન્ય ઘટકોની સરખાણણીએ વધારે સભ્ય સંખ્યા ધરાવે છે. વળી ઉત્તરપ્રદેશ જેવા મોટા રાજયમાં વર્ચસ્વ ધરાવતી પાર્ટી તરીકે સમાજવાદી પાર્ટી અને બિહારનાં પ્રાદેશિક પરિબળો લેખે જદ(યુ) તથા રાષ્ટ્રીય જનતા દળ ઉપરાંત કર્ણાટકમાં પૂર્વ વડાપ્રધાન દેવગોવડાની જનતા દળ(એસ) અને હરિયાણામાં દેવીલાલનો રાજકીય વારસો ધરાવવતી ઈન્ડિયન નેશનલ લોકદળ સહિત કુલ છ પાર્ટીઓ સાથે મળી એક જ ઝંડા હેઠળ આવે તો બિહારમાં 'સેકયુલર' સાક્ષી મહારાજ, સાધ્વી પ્રાચી કે ગિરિરાજસિંહ જેવા કટ્ટરવાદી અને સાંપ્રદાયિક વલણ ધરાવતા નેતાઓની પાર્ટીને હરાવી શકાય, એવી ફોર્મ્યુલા સાથે આ તમામ 'હારેલા' નેતાઓ એક મંચ પર આવી રહ્યા છે. લાલુ યાદવ સામે ઘાસચારા કૌભાંડમાં થયેલી સજાનો મુદ્દો છે, જેને કારણે એમને ઉમેદવારી કરવાની તક જ નથી સાંપડવાની. મુલાયમસિંહ યાદવ માટે વડાપ્રધાન બનવાનું સપનું રોડાઈ ગયા પછી ઉત્તરપ્રદેશ પૂરતું પોતાનું વજૂદ બચાવવાનો મુદ્દો છે. નીતીશકુમાર બિનસાંપ્રદાયિક મતોનું ધ્રુવીકરણ કરી બિહારની સત્તા કબજે કરવા મથી રહ્યા છે. આમ, આગામી સમયમાં અગાઉ કોંગ્રેસનાં એકાધિકારવાદી નેતા ઈન્દિરા ગાંધીનો સામનો કરવા ઘણા બધા પક્ષોએ સાથે મળીને 'જનતાપાર્ટી' બનાવી હતી, તે જ ફોર્મ્યુલા પર હવે 'સમાજવાદી જનતાદળ' જેવું નવું રાજકીય સંગઠન આકાર લે, એવી સંભાવના છે. લાલુપ્રસાદ અને નીતીશકુમાર બેઉ આ મુદ્દે વધુ પડતા સક્રિય છે અને વરિષ્ઠતાની રૂએ મુલાયમસિંહને સર્વોચ્ચ નેતા તરીકે સ્વીકારવા બધા જ સંમત થયા છે. શરદ યાદવને પાર્ટીની રાજયસભાની સંસદીય પાંખના નેતા તરીકેનું સ્થાન અપાશે. આમ જુઓ તો વેરવિખેર રાજકીય શક્તિઓને એક સૂત્રમાં ગાંઠવામાં વડાપ્રધાન મોદી જ નિમિત્ત બની રહ્યા છે. લોકશાહીમાં સત્તાનાં સમીકરણો સતત બદલાતાં રહેતાં હોય છે. બિહારમાં આ નવું રાજકીય સંગઠન કંઈક ચમત્કાર કરી શકશે તો તે મોદી માટે સૌથી મોટો પડકાર બની રહેશે, કારણ કે ભવિષ્યમાં આ નવું સંગઠન કોંગ્રેસ સાથે ગઠબંધન રચી ભાજપને પડકારના મેદાને પડશે તે નક્કી જ છે.

# ગુજરાતના યુવક-યુવતિઓને પર્વતારોહણ તાલીમ અપાશે

## શિબિરમાં જોડાવા યુવક-યુવતિઓ પાસે અરજીઓ મંગાવાઈ

ગાંધીનગર, તા. ૭

બાળકોમાં સાહસિક પ્રવૃત્તિઓનો વધારો થાય તે માટે ગુજરાત સરકારની પર્વતારોહણ તાલીમ સંસ્થા માઉન્ટ આબુ અને જૂનાગઢ ખાતે તાલીમ શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે. શિબિરમાં જોડાવા બાળકો પાસે અરજીઓ મંગાવવામાં આવી છે. શિબિરનો તમામ ખર્ચ સરકાર ઉઠાવશે.

રાજયના બાળકો પર્વતારોહણની તાલીમ મેળવી પોતાની શારીરિક શક્તિઓ વિકસાવે તે માટે કમિશનર યુવક, સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ હેઠળની સ્વામિ વિવેકાનંદ પર્વતારોહણ તાલીમ સંસ્થા માઉન્ટ આબુ અને પંડિત દીન દયાળ ઉપાધ્યાય પર્વતારોહણ તાલીમ કેન્દ્ર જૂનાગઢ ખાતે પર્વતારોહણ તાલીમ કોર્ષ યોજાશે.

પર્વતારોહણ તાલીમ કોર્ષ ત્રણ કેટેગરીમાં યોજવામાં આવનાર છે. જેમાં ૮ થી ૧૩ વર્ષ, ૧૫ થી ૪૫ વર્ષ અને ૧૭ થી ૪૫ વર્ષના યુવક યુવતિઓ જોડાઈ શકશે. તાલીમ કોર્ષમાં જોડાવા ઉમેદવાર ગુજરાતનો વતની હોવો જોઈએ. વધુ માહિતી માટે યુવક-યુવતિઓએ www. gujmount.com વેબસાઈટ પરથી મળી શકશે. તાલીમમાં જોડાનાર તમામ યુવક-યુવતિઓનો ખર્ચ સરકાર ઉઠાવશે.

## 'અછૂત કોણ અને કેવી રીતે?' વિષય પર વકતવ્ય યોજાશે

ગાંધીનગર, તા.૭

દલિત સાહિત્ય વિમર્શ મંચ દ્વારા ડૉ. બાબા સાહેબની જન્મજયંતિ નિમિત્તે 'અછૂત કોણ અને કેવી રીતે?' ગ્રંથ વિશે જાણીતા પત્રકાર નટુભાઈ પરમારનું વકતવ્ય યોજાશે. વકતવ્ય ડૉ. આંબેડકર હોલ સે-૧૨ ખાતે આજે બુધવારે સાંજે ૬.૦૦ થી ૭.૩૦ કલાક દરમિયાન યોજાશે. વકતવ્યમાં આંબેડકર વિચારધારા ધરાવતા નગરજનોને ઉપસ્થિત રહેવા હાર્દિક આમંત્રણ પાઠવ્યું છે.

## હરિની દૃષ્ટિ...



તમારી જીવસૃષ્ટિ બનાવવાની માંગણી અમો એ એક શરતે કબુલ રાખી છે... કે, ત્યાં રહેતાં વાંદરા ભવિષ્યમાં તમારા ઘરમાં ઘુસે તો તેના માટે તમારે ફરી આંદોલન કરવું નહીં... !!



લેકાવાડા ગામની પ્રાથમિક શાળામાં ધોરણ-૮ના વિદ્યાર્થીઓનો વિદાય સમારંભ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. કાર્યક્રમમાં કેક કાપી વિદાય ગીતો ગવડાવી સુંદર સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન પણ કરવામાં આવ્યું હતું. ધોરણ-૭ના વિદ્યાર્થીઓએ ધોરણ-૮ના વિદ્યાર્થીઓને કુમકુમ તિલક કરી આશીર્વાદ પાઠવ્યા હતા. ધોરણ-૮ના વિદ્યાર્થીઓએ આ શાળા વિતાવેલા વર્ષના અનુભવો રજુ કર્યા હતા. સ્કૂલના દરેક શિક્ષકે ધોરણ-૮ના વિદ્યાર્થીઓને તેમના ઉચ્ચ અભ્યાસમાં તથા જીવનમાં ખુબજ પ્રગતિ કરો તેવા આશીર્વાદ પાઠવ્યા હતા.

# વિશ્વકર્મા એન્જિનિયરિંગ કોલેજમાં વિશેષ કાર્યક્રમ

## ૧૬ ઇજનેરી કોલેજના વિદ્યાર્થીઓ ભાગ લેશે : વિદ્યાર્થીઓ દ્વારા તૈયાર કરાયેલા ૨૫૦ પ્રોજેક્ટ રજૂ થશે

અમદાવાદ,તા. ૭

અમદાવાદના ચાંદખેડા વિસ્તારમાંઆવેલી વિશ્વકર્મા ગર્વમેન્ટ એન્જિનિયરિંગ કોલેજમાં આવતીકાલથી બે દિવસીય સ્ટેટ લેવલનો ઓપન હાઉસ કાર્યક્રમ યોજાવાનો છે જેમાં રાજ્યની ૧૬ સરકારી ઈજનેરી કોલેજના વિદ્યાર્તીઓએ તૈયાર કરેલા ૨૫૦ પ્રોજેક્ટ રજૂ કરવામાં આવશે. પ્રાપ્ત થતી માહિતી મુજબ ગુજરાત ટેકનોલોજી યુનિવર્સિટી દ્વારા વિદ્યાર્થીઓમાં પ્રેક્ટીકલ જ્ઞાનનો વિકાસ થાય તેમજ તેમની સર્જન શક્તિનો વિકાસ થાય તે માટેના પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે જેના ભાગરુપે તાજેતરમાં અમદાવાદની એલડી એન્જિનિયરિંગ કોલેજ ખાતે સ્ટેટફેટનું આયોજન કરવામાં આવ્યું હતું. ત્યારે હવે શહેરના ચાંદખેડા વિસ્તારમાં આવેલી વિશ્વકર્મા ગવર્નમેન્ટ એન્જિનિયરિંગ કોલેજ ખાતે આવતીકાલથી સ્ટેટ લેવલના ઓપન હાઉસ કાર્યક્રમનો પ્રારંભ કરવામાં આવનાર છે. બુધવાર અને ગુરુવાર એમ બે દિવસ સુધી ચાલનારા આ સ્ટેટ લેવલના ઓપન હાઉસ કાર્યક્રમમાં રાજ્યની ૧૬ સરકારી ઈજનેરી કોલેજના વિદ્યાર્થીઓ દ્વારા તૈયાર કરવામાં આવેલ ૨૫૦ પ્રોજેક્ટ રજૂ કરવામાં આવશે જેમાંથી દરેક શ્રેણીમાં શ્રેષ્ઠ ત્રણ પ્રોજેક્ટની પસંદગી કરવામાં આવશે જેને તૈયાર કરનાર વિદ્યાર્થીઓને પુરસ્કાર પણ એનાયત કરવામાં આવશે. આ ઉપરાંત એમઆર મીર અને ટેકનિકલ ટોકનું પણ આયોજન કરવામાં આવ્યું છે જેમાં રાજ્યની સરકારી ઈજનેરી કોલેજોના વિદ્યાર્થીઓ ભાગ લેશે. રાજ્ય સ્તરના આ કાર્યક્રમને લઈને વિદ્યાર્થીઓમાં પણ ભારે ઉત્સાહ છે. કારણ કે વિદ્યાર્થીઓને ઘણી બાબતો જાણવા મળશે. જુદી જુદી કોલેજોના વિદ્યાર્થીઓ પહોંચી રહ્યા છે જેથી નવા પ્રોજેક્ટોને લઈને અન્ય કોલેજોના વિદ્યાર્થીઓમાંપણ ઉત્સુકતા દેખાઈ રહી છે. આ કાર્યક્રમ બે દિવસ સુધી ચાલશે.

# કેશુભાઈ દેસાઈનું જબલપુરમાં વ્યાખ્યાન

ગાંધીનગર, તા.૭

આગામી તા. ૧૧-૧૨ એપ્રિલ ૨૦૧૫ના રોજ મધ્યપ્રદેશના જબલપુર શહેર ખાતે યુજીસી આયોજિત રાષ્ટ્રીય પરિસંવાદનો મુખ્ય વિષય છે : 'ગૌ સંરક્ષણ અને સંવર્ધનમાં સાહિત્યની ભૂમિકા.' શ્રી જાનકીરમણ કલા એવં વાણિજય મહાવિદ્યાલય જબલપુર ખાતે આયોજિત આ પરિસંવાદનું ઉદઘાટન દ્વારકાપીઠના દંડી સ્વામી સદાનંદ સરસ્વતી કરશે અને અતિથિ વિશેષ પદેથી જાણીતા સાહિત્યકાર ડૉ. કેશુભાઈ દેસાઈ આ વિશેનું બીજ વ્યાખ્યાન આપશે. પરિસંવાદમાં મધ્યપ્રદેશના ગૌભકત સાહિત્યકાર પં. ગંગાપ્રસાદ અગ્નિહોત્રીના ગૌ-વિષયક સાહિત્ય પર પણ ઊંડાણથી ચર્ચા વિચારણા થશે. સમારોહ અને પરિસંવાદમાં પં. હરિકૃષ્ણ ત્રિપાઠી, ભગવતીધર વાજપેયી જેવા વિદ્વજ્જનો ઉપરાંત જબલપુરના મેયર, કાલિદાસ અકાદમી તથા મધ્યપ્રદેશ સાહિત્ય અકાદમીના નિયામકો ઉપસ્થિત રહેશે. કાર્યક્રમનું સંયોજન મહાવિદ્યાલયના આચાર્યડૉ. અભિજાત કૃષ્ણ ત્રિપાઠી કરશે.

## એકત્ર ફાઉન્ડેશન દ્વારા સંપર્ક-સંવાદ કાર્યક્રમ

ગુજરાતના મુદ્રિત સાહિત્યનું વીજાણુ સાહિત્યમાં રૂપાંતર અને વિસ્તાર માટે એકત્ર સંસ્થા દ્વારા સંપર્ક સંવાદ કાર્યક્રમ યોજવામાં આવશે. આગામી ૧૧ એપ્રિલ શનિવાર સાંજે ૫.૦૦ વાગે ગુજરાતી સાહિત્ય પરિષદ આશ્રમરોડ અમદાવાદ ખાતે યોજાશે. સંપર્ક સંવાદ કાર્યક્રમમાં અધ્યક્ષ તરીકે રઘુવીર ચૌધરી, અતિથિ વિશેષ તરીકે પ્રકાશ શાહ ઉપસ્થિત રહેશે. આ વિજાણુ સામાયિક શા માટે ? સંચયન અને ઈ-બુક્સ વિશે રમણ સોની પોતાની પ્રતિભાવ રજુ કરશે.ત્યારે કાર્યક્રમમાં મુદ્રિત અંકો નમુના માટે મુકવામાં આવ્યો છે. જે કાર્યક્રમને અંતે જોવા મળશે. તેમ એકત્ર ફાઉન્ડેશન દ્વારા જણાવાયુ છે.

# બાયોલોજી પેપર લીકમાં બે ક્લાર્ક, એક શિક્ષક સસ્પેન્ડ

## જયસોમનાથ સ્કુલના ક્લાર્ક, શિક્ષક સામે પગલા : જિલ્લા શિક્ષણાધિકારીએ સસ્પેન્ડ કરવાના આદેશ આપ્યા

અમદાવાદ,તા. ૭

ધોરણ ૧૨ વિજ્ઞાન પ્રવાહ બાયોલોજી પેપર લીક મામલે વિરોધના વંટોળ હજુ સમવાનું નામ નથી લઈ રહ્યા ત્યારે આ મામલે અમદાવાદ જિલ્લા શિક્ષણાધિકારીએ કડક વલણ અપનાવીને કેસના દોષિત એવા જયસોમનાથ સ્કુલના બે ક્લાર્ક અને એક શિક્ષકોને તત્કાલ અસરથી સસ્પેન્ડ કરવાનો નિર્ણય કર્યો છે.

પ્રાપ્ત થત માહિતી મુજબ તારીખ ૨૦ માર્ચના રોજ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ધોરણ ૧૨ વિજ્ઞાન પ્રવાહના ચોથા સેમેસ્ટરનું બાયોલોજીનું પેપર લેવામાં આવ્યું હતું. આ પેપર નિર્ધારિત સમય પહેલા લીક થઈ ગયું હોવાના અહેવાલોને પગલે ખળભળાટ મચી જવા પાયો હતો. આ મામલે ખોખરા પોલીસમાં ફરિયાદ દાખલ કરાતા પોલીસે જય સોમનાથ સ્કુલના બે ક્લાર્ક અને એક શિક્ષક સહિત કુલ છ વ્યક્તિઓની ધરપકડ કરી હતી. જો કે, આ ગટનાના ઘેરા પ્રત્યાઘાત પડી રહ્યા છે. વિવિધ વિદ્યાર્થી સંગઠનો દ્વારા આમદાવાદ જિલ્લા શિક્ષણ અધિકારીની કચેરીની બહાર વિરોધ પ્રદર્શન કરીને જવાબદારો સામે પગલા લેવા માટે માંગ કરવામાં આવી રહી છે. ત્યારે અમદાવાદ જિલ્લા શિક્ષણાધિકારીએ આ કેસમાં ધરપકડ કરાયેલા જય સોમનાથ સ્કુલના બે ક્લાર્ક અને એક શિક્ષકને તત્કાલીક અસરથી સસ્પેન્ડ કરી દેવાના આદેશ જાહેર કર્યા છે. આ બે ક્લાર્કમાં પેપર લીક કેસના મુખ્ય આરોપી એવા ભાગવત ત્રિકમદાસ પટેલ અને ધર્મેક્ષિત શરદચંદ્ર જાનીનો સમાવેશ થાય છે જ્યારે શિક્ષકમાં રાજેશ કાંતિલાલ શાહનો સમાવેશ થાય છે. અત્યારે આ ત્રણેય શખ્સો ખોખરા પોલીસની કસ્ટડીમાં છે તેમજ તેમની સામે તપાસ ચાલી રહી છે. ત્યારે આગામી દિવસોમાં આ કેસમાં વધુ લોકોને સસ્પેન્ડ કરવામાં આવે તેમજ સમગ્ર કૌભાંડમાં એપીએમ સમાન જય સોમનાથ શાળામાં બોર્ડનું કેન્દ્ર રદ કરવામાં આવે તેવી શકયતા છે.

# વ્યોમકેશ બક્ષી : એક જાસૂસી કથા નાયક

## વિચારોના મધુવનમાં

પ્રા. ડૉ. રાકેશ પટેલ

બાળપણની રમતોમાં ચોર પૉલીસની રમત અવ્વલ ક્રમે ગણાતી. અંધારામાં ચોર (સાથીદાર) ને શોધતો હોય, અથડાતાં કૂટાતાં ચોર સુધી પહોંચવાની ઝણઝણાટી કાયામાં પ્રવેશી જાય પછી સાહસ એની મેળે કૂદકો મારી બહાર ડોકાય. કશુંક વાગી જાય, રક્તની ધારનું અભિમાન થઈ આવે અને હાથ સતત ચોરની બોચી સુધી લંબાયેલા હોય!

વ્યોમકેશ બક્ષીમો કૂદકો રક્તકણોમાં જાણે દાખલ થઈ જાય છે. જુવાનીને પડકારતો અને ચોરની દાઢી સુધી પહોંચવા દોડતો વ્યોમકેશ આપણી અંદરના દેશપ્રેમી અને સત્યાન્વેશી મસ્તીને આગ લગાડી જાય છે. હમણાં એક યુનિવર્સિટીના કાર્યક્રમમાં આવેલ અતિથિ વિશેષે કહ્યું કે 'રિસર્ચમાં ક્રિએટિવિટી અને કન્ફ્યુઝન બન્ને છે. આજે વ્યોમકેશ બક્ષી આવી જે સત્યની શોધ કરે છે. દરેક સ્ટુડન્ટ વ્યોમકેશ બક્ષી છે. તમારે સત્યની તલાશ કરવાની છે. મૂળ નેચરની રિયાલિટીને સમજો. જો કે મેથેમેટિશ્ય, ફિઝિસિસ્ટ આ રિયાલિટીને શોધ છે. જો કે ફિઝિકલ રિયાલિટી બદલાતી નથી ફન્ડામેન્ટલ લોના કારણે તેમાં પરિવર્તન આવતું નથી. અહીં સોશિયલ રિયાલિટી પણ એટલી જ મહત્વની છે. ૧૦૦૦ વર્ષ પહેલા લીડરને ગોડ તરીકે માનવામાં આવતા ત્યારબાદ ઈન્ડસ્ટ્રીયલ એજમાં તે લીડર એન્ટરપ્રિન્યોર બન્યા. આજે ક્વોલિટેટીવ રિસર્ચની જરૂર ખૂબ છે.

ઉજ્જવલ નિકમ વકિલાતના ક્ષેત્રના વ્યોમકેશ બક્ષી છે. અઠવાડીયે એક જ વાર પોતાના પરિવારને મળવા જલગાંવ જાય છે. ઉજ્જલ નિકમ પણ ગુનેગારોની ગુનાની ફાઈલોમાં ખોવાયેલા રહે છે. ઝેડપ્લસ સુરક્ષા મેળવતા નિકમજીને ગુનાખોરોની ઓરડીઓમાં રહેલા સબૂતોને શોધી કાઢવાનો કેટલો જુસ્સો હશે? બિરયાની વગરનો આતંકવાદી તેમને ન્હોતો ખપતો. એક ધડાકે ફાંસીનો ફંદો તૈયાર!

વ્યોમકેશ બક્ષી બંગાળી સાહિત્યની જાસૂસી નવલકથા છે જેની રચના શરદિંદુ બંધોપાધ્યાયે કરી છે. વકીલમાંથી સાહિત્યકાર બનેલા બંધોપાધ્યાય પર લેખક કોનન ડોઈલના શેરલોક હોમ્સ, અગાથા ક્રિસ્ટીના હરક્યુલ પોઈરટ અને જી.કે.ચેસ્ટરટનના ફાધર બ્રાઉનની ઘણી ઉંડી અસર હતી, સાથેજ એડગર એલન પો દ્વારા નિર્મિત અને સી.ઓગસ્ટે ડ્યુપિન સમાવિષ્ટ 'ટેલ્સ ઓફ રૅશિઑસિનેશન' દ્વારા પણ પ્રભાવિત હતા. તેઓ એ બાબતે ચિંતિત હતા કે ૧૮૯૦ થી ૧૯૩૦ વચ્ચે રચાયેલા ભારતીય અને બંગાળી નવલકથાના જાસુસો ટકી રહેવામાં નિષ્ફળ ગયા હતા.

સંસ્થાનવાદ બાદ શરદિંદુ બંધોપાધ્યાય ૧૯૩૨માં 'પાથેર કાન્તા'માં 'ભદ્રલોક' વ્યોમકેશ બક્ષી અને અજિત બંધોપાધ્યાય (વ્યોમકેશનો જોડીદાર અને વર્ણનકાર) લાવ્યા, અને તેમણે ઈન્ડિયન મેટ્રોપોલિસ ૧૯૧૧ સુધી બ્રિટિશ ઈન્ડિયાની રાજધાની વિશે સંશોધન કરતા હોય તે રીતે લખવાનું શરૂ કર્યું જેનું સંપૂર્ણ રીતે ભારતીયકરણ કરવામાં આવ્યું હતું. શરૂઆતમાં તે બાસુમતી નામના સામાયિકમાં રજૂ કરવામાં આવી હતી, તેમાં પ્રથમ હતી વ્યોમકેશઅર ડાયરી. તેમાં, શરદિંદુએ વ્યોમકેશ પર ૩૩ વાર્તાઓ લખી હતી. વ્યોમકેશ બંગાળી સાહિત્યના લોકપ્રિય પાત્રોમાંનું એક છે, બીજા પાત્રોમાં સત્યજિત રેના ફેલુદા, સુનિલ ગંગોપાધ્યાયના કાકાબાબુ, પ્રેમેન્દ્ર મિત્રાના ઘનાદા અને નારાયણ ગંગોપાધ્યાયના તેનિદાનો સમાવેશ થાય છે.

યશરાજ ફિલ્મ્સ અને દિવાકર બેનરજી પ્રોડક્શન્સના બેનર હેઠળ હમણાં રજુ થયેલી આદિત્ય ચોપરા નિર્મિત અને દિવાકર બેનરજી નિર્દેશિત ફિલ્મ 'ડિટેક્ટિવ વ્યોમકેશ બક્ષી માં સુશાંતસિંહ રાજપૂત, સ્વસ્તિકા મુખરજી, આનંદ તિવારી, દિવ્યા મેનન, મિયાંગ ચાંગ જેવા કલાકારો છે.વ્યોમકેશ બક્ષી (સુશાંતસિંહ રાજપૂત) ઘમંડી, આકર્ષક, પ્રતિભાશાળી વ્યક્તિ છે. વ્યોમકેશ એવી વ્યક્તિ છે, જેને નફરત કરવાનું વધારે ગમે છે. ૧૯૪૩નું કલકત્તા, એક યુદ્ધ, એક રહસ્ય અને એક જાસૂસ. વ્યોમકેશ બક્ષી પ્રસિદ્ધ બંગાળી લેખક સારાવિંદુ બંદોપાધ્યાય દ્વારા લખાયેલા ભારતીય જાસૂસી પર આધારિત છે. ફિલ્મના કથાનકમાં દ્વિતીય વિશ્વયુદ્ધ વખતનું કલકત્તા શહેર છે. ભણવાનું પૂરું કરીને નીકળેલા વ્યોમકેશ બક્ષીની હત્યા, વૈશ્વિક રાજનીતિ, ષડ્યંત્ર અને પ્રલોભનથી ભરેલી દુનિયામાં પોતાની ચતુરાઈના દમ પર એક પ્રતિભાશાળી, પરંતુ દુષ્ટ પ્રવૃત્તિની વ્યક્તિનો સામનો કરવાની કહાણી છે, જેણે દુનિયાને નષ્ટ કરવાનું નક્કી કર્યું છે.

મોટાભાગની વાર્તાઓમાં આપણને જાણવા મળે છે કે સચોટ પુરાવો ઉપલબ્ધ ન હોય ત્યારે વ્યોમકેશ આંતરદ્રષ્ટિ અને અંતરજ્ઞાન પર આધાર રાખે છે. શરદિંદુ ક્યારેય અજિત દ્વારા પોતાને અભિવ્યક્ત નથી કરતા, જોકે શીમોન્ટો હીરામાં બડાઈખોર અને મોટાઈ બતાવતા સર દિગિન્દ્રાનારાયણ રોયનો ઉલ્લેખ કરતા કહે છે કે વ્યોમકેશ તેના દેખાવ પરથી તેની કુશળતાનું વિશ્લેષણ કરવાનો ઢોંગ કરે છે. અજિત એ વાત સાથે સહમત નથી થતો કે અંતરજ્ઞાન ભૌતિક પુરાવાની જગ્યા લઈ શકે છે, પણ વ્યોમકેશ કેસ ઉકેલે છે ત્યારે તે ચૂપચાપ તે વાતને માન્ય રાખે છે.

બહન્ની પતંગામાં આપણે જોઈએ છીએ કે વ્યોમકેશ એક નજીવી વાતથી વ્યાકુળ બની જાય છે કે દુષ્યંત શકુંતલા તરફ ચોરી છૂપીથી ત્રાંસી નજરથી જુએ છે તેવા ચિત્રમાં કલાકાર શકુંતલાની આંખ વાદળી રંગથી રંગવાનું પસંદ કર્યું. ફક્ત આ વાતના આધારે, તે આખો કેસ બનાવે છે, જે પાછળથી આપણને એકદમ સચોટ જણાય છે. અચિન પાખીમાં પણ કદાચ તેના અંતરજ્ઞાનની કુશળતાનું શ્રેષ્ઠ ઉદાહરણ જોવા મળે છે, તેમાં એક નિવૃત્ત પોલીસ અધિકારી દ્વારા વર્ણન કરવામાં આવેલા વણઉકેલાયેલા કેસ વિશે સાંભળીને તેને એવુ સમજાય છે કે ગુનેગાર બીજો કોઈ નહી પણ તેનું વર્ણન કરનાર પોતે જ છે.

વ્યોમકેશ રોજની ઘટનાઓ અને વાતો પર ઝીણવટપૂર્વક ધ્યાન આપે છે, અને ઘણીવાર આપણને લાગે છે કે આ બધી વાતો રહસ્ય ઉકેલવા માટે મહત્વની હોય છે. તે પોતાના અસીલને પોતાના અનુભવો વર્ણવતી વખતે તેઓ જેટલુ યાદ રાખી શકે તે બધુજ કહેવા માટે પ્રોત્સાહન આપે છે, અને કહે છે કે કશુંજ તેના માટે ઓછા મહત્વનું હોય તેવું નથી. પોથેર કાન્તામાં, આ વાતને ધ્યાનમાં રાખીને અસીલ કહે છે કે તેના પર હૂમલો થયો તે પહેલા તે સાયકલની ઘંટડીનો અવાજ સાભળ્યો હતો. પાછળથી રહસ્ય ઉકેલતી વખતે આ વાત સૌથી વધુ મહત્વની કડી સાબિત થઈ હતી. અર્થમાનર્થમમાં, તે એકદમ સાચી ધારણા બાંધે છે કે સુકુમાર થિયેટરમાંથી રાત્રે બાર વાગે જ પાછો ફર્યો હતો. એવી વાર્તાઓ ઘણી ઓછી છે કેસ ઉકેલવા માટે સચોટ પુરાવાઓની મદદ મેળવી શકાઈ હોય, ચિરિયાખાના અને બેનિશંઘારમાં તેને પોલીસ પાસેથી સારી મદદ મેળવી શકે છે. ઘણીવાર આપણે જોઈએ છીએ કે અપરાધી કોણ છે તે પોતે જાણતો હોવા છતાં, જ્યારે તે આ કામ કરતો હોય બરાબર ત્યારે જ તેને પકડવાની પળની રાહ જુએ છે.

વ્યોમકેશના પૂર્વજીવન વિશે વધુ કંઈ જાણવા મળતું નથી. અજિતે અદિમ રીપુમાં ઉલ્લેખ કર્યો છે કે તેના પિતા સ્થાનિક શાળામાં ગણિતનાં શિક્ષક હતા. જયારે તેની માતા ધાર્મિક વાંચનમાં વ્યસ્ત રહેતી હતી. વ્યોમકેશની નાની ઉંમરમાં તે બન્ને ક્ષયના રોગથી મૃત્યુ પામ્યા હતા. તેના સંબંધીઓએ ક્યારેય તેને સાચવવાની કાળજી લીધી નહોતી, અને તેને પોતાની રીતે જીવવા છોડી દીધો હતો. તે યુનિવર્સિટી પાસેથી શિષ્યવૃત્તિ મેળવતો રહ્યો અને તે રીતે અભ્યાસ પૂર્ણ કર્યો. તેના સંબંધીઓ હજી જીવે છે પણ તેમની સાથે સંપર્ક રાખવામાં વ્યોમકેશને કોઈ રસ નથી.

વ્યોમકેશના લેખોનું સંકલન સત્યાન્વેશીમાં થયું છે, જેમાં અજિત તેને પહેલીવાર મળે છે, અને તેને પહેલી વાર્તા ગણવામાં આવે છે, છતાં શરદિંદુ દ્વારા લખાયેલી તે પહેલી વાર્તા નથી. વ્યોમેશની પહેલી વાર્તા ૧૯૩૨માં લખાયેલી પોથેર કાન્તા છે, ત્યારબાદ તેજ વર્ષમાં શીમોન્તો હીરા લખાઈ હતી. ત્યારબાદ તેમણે વિચાર્યું કે વ્યોમકેશને કેન્દ્રમાં રાખીને વાર્તાઓની શૃંખલા લખવી તે એક સારો વિચાર છે. અને તેમણે નિયમિત વાર્તાઓ લખવાનું શરૂ કર્યું. ૧૯૩૬ સુધીમાં તેમણે દસ વાર્તાઓ લખી હતી, આ બધીજ વાર્તાઓ ગુરૂદાસ ચેટર્જી એન્ડ સન્સ દ્વારા ત્રણ આવૃત્તિમાં પ્રકાશિત કરવામાં આવી હતી. ત્યારબાદ તેમને વિચાર આવ્યો કે કદાચ વ્યોમકેશ લોકપ્રિયતા મેળવવામાં નિષ્ફળ રહ્યો છે તેથી તેમણે ૧૫ વર્ષ સુધી વાર્તાઓ લખવાનું બંધ કરી દીધુ, તેમાં મોટાભાગનો સમય તેઓ મુંબઈમાં રહ્યા હતાં અને ફિલ્મો માટે સ્ક્રિપ્ટ લખતા હતા. તેઓ ૧૯૫૧માં ઘરે પાછા ફર્યા, તેમના કેટલાંક મિત્રોએ પૂછ્યું કે કેમ તેમણે વ્યોમકેશ વિશે લખવાનું બંધ કર્યું. ત્યારબાદ તેમણે નક્કી કર્યું કે તેમની વાર્તાઓ તેઓ વિચારતા હતા તેટલી બિનલોકપ્રિય નહોતી. તેથી તેમણે ફરી લખવાનું શરૂ કર્યું અને તેજ વર્ષમાં ૧૫ વર્ષની પહેલી વ્યોમકેશની વાર્તા પ્રકાશિત થઈપિક્ચર ઈમપરફેક્ટ. તેમણે ૧૯૭૦માં તેમનું મૃત્યુ થયું ત્યાં સુધી વ્યોમકેશ વિશે લખવાનું ચાલુ રાખ્યું, તે દરમિયાન તેમણે ૩૩ વાર્તાઓ લખી, તેમાંથી એક અધૂરી રહી ગઈ.

વ્યોમકેશ અજિતને પહેલીવાર સત્યાન્વેશી નામની વાર્તામાં મળ્યો હતો, શરૂઆતમાં તે પોતાની જાતને અતુલ મિત્રા તરીકે ઓળખાવતો હતો જેથી લોકો ત્યાં તેના ખરા ઈરાદા વિશે જાણી ન શકે. થોડા જટિલ પ્રસંગોની શૃંખલા બાદ તે અચાનક પોલીસ દ્વારા હત્યાના અપરાધમાં પકડાઈ જાય છે, છેવટે તે અપરાધીને ખુલ્લો પાડે છે, તે હત્યારો મેસનો માલિક પોતેજ હોય છે. પરિણામે મેસના સભ્યોને મેસ ખાલી કરવા દબાણ કરવામાં આવે છે, ત્યારે વ્યોમકેશ અજિતને હેરિસન રોડ પર આવેલી પોતાની મેસમાં લઈ જાય છે, ત્યાં તે તેને પોતાની સાથે રહેવા વિનવણી કરે છે, કહે છે કે છેલ્લા બે સપ્તાહથી તેની સાથે રહ્યા બાદ હવે તેના માટે એકલા રહેવું મુશ્કેલ છે. અજિત માની જાય છે અને ત્યારથી તે ત્યાં તેમના વફાદાર નોકર પુતીરામ સાથે રહે છે, અને અર્થમાનર્થમમાં વ્યોમકેશ સત્યવતી સાથે લગ્ન કરે છે તેથી તે પણ ત્યાં રહે છે.